Volume 1, Issue 3
October 2024

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત




### કોટન કનેક્ટ, હરિરાજ અને અક્ષર જિન વચ્ચે ખરીદી માટેની બેઠક ૧૮મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અક્ષર જિન, કલેડિયા ખાતે યોજાઈ હતી.



HARIRAJ
CHARITABLE TRUST
NEWS AND UPDATES
Volume 1, Issue 3
October 2024

## તારીખ ૧૯-૧૦-૨૦૨૪ના રોજ ભાલોદ્રા ગામે પશુ સારવાર અને રસીકરણ કરવામાં આવ્યું.





## આ મહિના દરમિયાન ડભોઈ અને તિલકવાડા તાલુકાના ૫ ગામોમાં વીણી અને HSSE તાલીમ યોજવામાં આવી. આ ઉપરાંત આંબલિયા, પીપળીયા, તલાવપુરા અને બગલીપુર ગામોના ખેડૂતો દ્વારા થયેલ નિદર્શન પ્લોટ તેમજ બાયો ઈનપુટ સેન્ટરોની મુલાકત કરવામાં આવી.










Share your review



www.hariraj.org    info@hariraj.org

## તા. ૨૯-૧૦-૨૦૨૪ના રોજ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટની ફંડ રેઈઝિંગ ટીમની ઓનલાઈન બેઠક યોજાઈ હતી.




## 30 ઓકટોબરના રોજ અધ્યયન સહાયક સમીક્ષાની ઓનલાઈન બેઠક યોજાઈ હતી.



આ મહિને જેન્ડર શિક્ષણ કાર્યક્રમના ફાઉન્ડેશન કોર્સના ૬ થી ૧૦ મોડ્યુલ પૂર્ણ કર્યા છે. સંસ્થા દ્વારા નિયુક્ત મેન્ટરે જેન્ડર ઓળખની વિભાવના સમજાવી, ત્રણ જેન્ડરની શોધ કરી ચાર્ટ દ્વારા સહભાગીઓએ તેમના વિચારો રજૂ કર્યા. જેન્ડર ડાયનેમિકને સમજવા માટે સંસ્થાના માર્ગદર્શકો તંદુરસ્ત સંવાદ અને ચર્ચાઓને પ્રોત્સાહન આપે છે.








સંસ્થા દ્વારા નિમાયેલ માર્ગદર્શકો વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સક્રિયપણે સંકળાયેલા છે અને વિદ્યાર્થીઓને શીખવા તરફ જોડવાનો અને શિક્ષણ પ્રત્યેની તેમની રુચિ વધારવાનો પ્રયાસ કરે છે. ભાંકોદર અને ભેરાઈના લર્નિંગ સેન્ટરો પર નવરાત્રીની ઉજવણી થઈ, જ્યાં અમારા નાના ભૂલકાઓ અપાર આનંદ અને ઉત્સાહ સાથે આવ્યા. આ મહિના દરમિયાન ધીરુભાઈ વાગડિયા અને માનસીબેન ડોબરિયાએ તાલડા, ભાંકોદર અને મોટા માચીયાળાના વર્ગોની મુલાકાત લીધી.















ખાંભા તાલુકાના તાલડા ગામમાં, અમે ૪૦ કિશોરવયના છોકરાઓ સાથે જેન્ડર શિક્ષણનો એક્શન કોર્સ શરૂ કર્યો છે. આ મહિને એક્શન કોર્સના ૬ મોડ્યુલ પૂર્ણ કર્યા છે. આ મોડ્યુલો દ્વારા સંસ્થાના માર્ગદર્શક છોકરાઓ અને છોકરીઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વ કૌશલ્ય, ટીમ નિર્માણ અને સંદેશાવ્યવહારથી માંડીને જૂથ ચર્ચા, સમસ્યાનું નિરાકરણ, આયોજન, રજૂઆત અને એફજીડી લેવા માટેની તૈયારી માટે સશક્ત બનાવે છે. દરેક પ્રવૃત્તિ જોડાણ, ટીમ વર્ક અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે.





મહિના દરમિયાન કુલ ૪ ઓનલાઈન વાંચન સત્રો યોજાયા. જેમાં ૪ ઓકટોબરના રોજ કમ્યુનિટી મિશન નિવેદનમાં કુટુંબના મિશન નિવેદનને કેવી રીતે લખવું અને તેની રચના વિશે ચર્ચા કરવામાં આવી. ૧૦ ઓક્ટોબરના સત્રમાં કોમ્યુનિટી મિશન નિવેદનના ફાયદાઓ પર વિચાર કરી, વિવિધ સંગઠનોના મિશન નિવેદન કેવી રીતે લખવા અને તેની અસરકારકતા પર ચર્ચા કરવામાં આવી. તા. ૧૮ ઓકટોબરના સત્રમાં "લક્ષ્યને દૃષ્ટિ સમક્ષ રાખીને જીવો" વિષય પર ચર્ચા થઈ. અને ૨૫ ઓકટોબરના રોજ "જીવનની પ્રથમ અગ્રીમતા લક્ષ્યને દૃષ્ટિ સમક્ષ રાખીને જીવો," જીવનની યોગ્ય પસંદગી કરવી, અને ભીતરની સચાઈપૂર્વક જીવન જીવવું જેવા વિષયો પર સેશન યોજાયું.







**૧લી ઓકટોબરના લેખન સેશનમાં FPC વર્કશોપ ટ્રેનિંગ રિપોર્ટ, ધોકડવા CC વિઝિટ રિપોર્ટ, અને કેપેસિટી ફોર સ્ટ્રેન્થેનિંગ ઈમ્પ્લેમેન્ટેશન રિપોર્ટ પર ચર્ચા કરવામાં આવી. તેમજ ૧૫ ઓકટોબર ના સત્રમાં નેતૃત્વ, સંવાદ અને ટીમ તાલીમ, ટકરાવ સંચાલન, અને બેટર કોટન ઓન સાઈટ લાઈસન્સિંગ એમ ચાર રિપોર્ટ પર ચર્ચા કરવામાં આવી.**









Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : **Click here**

GREATNONPROFITS 2024 TOP-RATED NONPROFIT

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org